ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨

ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૬૨/૨૦-૨૧/ 487

તારીખ : 08 FEB 2021

**આર.પી.એ.ડી.**

પ્રતિ,

**શ્રી દશનામી દેવગીરીબાપુ પુરણગીરી બાપુ,**
વતી પરશોતમભાઈ નાનુભાઈ મેટલીયા,
જોરાવર પરા, કલાલ લીંબડી પાસે,
મું. ચુડા,
**જી.સુરેન્દ્રનગર.**
**મો.નં. ૯૯૨૫૩ ૩૯૯૩૫**

કેસ નં.૬૨/૨૦-૨૧

**વિષય : માતાજીના મઢને ૨૪ કલાક વિજ પુરવઠો ચાલુ કરી આપવા બાબત.**

સંદર્ભ : (૧) આપનો પત્ર તા.૨૯/૧૦/૨૦૨૦ જે અત્રેની કચેરી ને મળ્યા તા.૦૩/૧૧/૨૦૨૦.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૬૨/૨૦-૨૧/૩૮૬૧ તા.૦૬/૧૧/૨૦૨૦.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૬૨/૨૦-૨૧/૪૪૫૯ તા.૨૮/૧૨/૨૦૨૦.
(૪) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૬૨/૨૦-૨૧/૨૦૮ તા.૧૬/૦૧/૨૦૨૧.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૨૮/૦૧/૨૦૨૧** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

**કન્વીનર,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.**

**બિડાણ:- ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **લીંબડી.**

*.......ગુજરાત વિધુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:-**

(૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **સુરેન્દ્રનગર.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.
(૨) નાયબ ઈજનેરશ્રી, પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, **ચુડા.**

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ કેઈસ નંબર – ૬૨/૨૦–૨૧ ☜

વાદી :– શ્રી દશનામી દેવગીરીબાપુ પુરણગીરી બાપુ

◈ વિરૂધ્ધ ◈

પ્રતિવાદી :– પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

◈ રજુઆતની તારીખઃ– તા.૨૮/૦૧/૨૦૨૧ ◈

હાજર રહયા :– શ્રી દશનામી દેવગીરીબાપુ પુરણગીરી બાપુ – (વાદી પોતે)

પ્રતિવાદી :– શ્રી એમ.આર.ધામેચા, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, લીંબડી.
(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)

શ્રી દશનામી દેવગીરીબાપુ પુરણગીરી બાપુ, મું.ચુડા, જી.સુરેન્દ્રનગર ની માતાજીના મઢને ૨૪ કલાક વિજ પુરવઠો ચાલુ કરી આપવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૬૨/૨૦–૨૧ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, સુરેન્દ્રનગર ને પત્ર નં. બીઝેડ/ફોરમ/૬૨/૨૦–૨૧/૩૮૬૧ તા.૦૬/૧૧/૨૦૨૦ થી વાદીશ્રીની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રી ને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા તા.૦૮/૦૧/૨૦૨૧ તથા તા.૨૮/૦૧/૨૦૨૧ ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં, તા.૦૮/૦૧/૨૦૨૧ ના રોજ વાદી શ્રી દશનામી દેવગીરીબાપુ પુરણગીરી બાપુ હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી એસ.આર.ખાંટ, નાયબ ઈજનેર, વિભાગીય કચેરી, લીંબડી ઉપસ્થિત રહેલ તથા તા.૨૮/૦૧/૨૦૨૧ ના રોજ વાદી શ્રી દશનામી દેવગીરીબાપુ પુરણગીરી બાપુ હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી એમ.આર.ધામેચા, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, લીંબડી ઉપસ્થિત રહેલ.

☞ વાદીશ્રીની રજુઆતઃ– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...

૧.૧ ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે, અમો સુરેન્દ્રનગર જીલ્લાના ચુડા તાલુકાના જોબાળા ગામેથી થોડે દૂર શ્રી ખોડીયાર માતાજી ના મઢ તેમજ ગૌશાળા ધરાવે છે. જેની હાલ દશનામી દેવગીરીબાપુ પુરાણગીરીબાપુ સેવા પૂજા કરે છે.

૧.૨ પેટા વિભાગીય કચેરી, ચુડા દ્વારા ખોડીયાર માતાજી ના મઢે જે ૨૪ કલાક વિજ પુરવઠો ચાલુ હતો તે વિજ પુરવઠો બંધ કરી દેવામાં આવેલ છે. અમોએ આ બાબતે લેખિતમાં રજૂઆત પણ કરેલ છે. તેમજ જે ૨૪ કલાક વિજ પુરવઠો ચાલુ હતો તે વિજ પુરવઠો અમોને કોઈપણ જાતે લેખિતમાં જાણ કર્યા વગર વિજ પુરવઠો કાપી નાંખવામાં આવેલ છે.

૧.૩ તેમજ અમોને મળેલ પેટા વિભાગીય કચેરી, ચુડા ના પત્રમાં જણાવ્યા મુજબ નવી લાઈનની કામગીરી ચાલુ હોય પૂર્ણ કરવામાં આશરે ૩૦ દિવસ જેટલો સમય લાગે તેમ છે. પરંતુ, આજરોજ સુધીમાં ૨૪ કલાક વિજ પુરવઠો આપવામાં આવેલ નથી.

૧.૪ આપ સાહેબને અમારી નમ્ર અરજ સાથે શ્રી ખોડીયાર માતાજી ના મઢે ૨૪ કલાક વિજ પુરવઠો તુરંત ચાલુ થાય તેમજ અમોને ન્યાય મળે સત્ય ની સાથે જય હિન્દ.

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજુઆતઃ– તેમની રજુઆત છે કે,</u>**

૨.૧ સદર વાદીશ્રી ની રજૂઆત અન્વયે, નાયબ ઈજનેર, પેટા વિભાગીય કચેરી, ચુડાના જણાવ્યા મુજબ વાદીશ્રીનું વિજ જોડાણ ૬૬ કે.વી. રાણપુર સબ સ્ટેશનમાંથી નીકળતા ૧૧ કે.વી. વેજળકા એ.જી.ફીડરમાંથી આપવામાં આવેલ હતું. જેમાં, ૧૧ કે.વી.વેજળકા એ.જી.ફીડરમાં એલ.એસ.ટી.સી.હોય વાદીશ્રી ને ૨૪ કલાક વિજ પુરવઠો મળતો હતો.

૨.૨ જે વાદીનું વિજ જોડાણ ૬૬ કે.વી.ખાડીયા સબ સ્ટેશનમાંથી નીકળતા અને જોબાળા ગામની સીમ જમીનમાં ખેતીવાડી વિસ્તારમાં વિજ પુરવઠો પૂરો પાડતાં ૧૧ કે.વી. નારાયણ એ.જી.ફીડરમાં ૪ પોલ ની નવી વિજ લાઈન ખેંચીને તથા ખોડીયાર માતાજીના વિજ જોડાણ માટે ઉભી કરવામાં આવેલ ૧૧ કે.વી. ની ૨ ફેઈઝ ની વિજ લાઈન નું ૩ ફેઈઝ માં કન્વર્ઝન કરીને ૧૧ કે.વી.વેજળકા એ.જી.નો લોડ ૧૧ કે.વી.નારાયણ એ.જી. ફીડરમાં જોડેલ હતો.

૨.૩ હાલમાં, જેટકો કંપની દ્વારા ૬૬ કે.વી.ઝોબાળા સબ સ્ટેશન તૈયાર થઈ ગયેલ હોય અને ૧૧ કે.વી.વેજળકા એ.જી.ફીડર ના એમ્પીયર લોડીંગ ને ધ્યાને રાખીને, તેનું બાયફરકેશન ૬૬ કે.વી.ઝોબાળા સબ સ્ટેશનમાંથી કરેલ છે. જે ખેતીવાડી ફીડરમાંથી વાદીનું વિજ જોડાણ વિજ પુરવઠો મેળવે છે તે ૧૧ કે.વી.ખોડીયાર એ.જી. ફીડરમાં તા.૨૬/૧૦/૨૦૨૦ ના રોજ એલ.એસ.ટી.સી ને ચાર્જ કરીને ૨૪ કલાક માટે સીંગલ ફેઈઝ માં વિજ પુરવઠો પૂરો પાડવામાં આવે છે. આમ, વાદીશ્રી ને ૨૪ કલાક માટે સીંગલ ફેઈઝ માં વિજ પુરવઠો મેળવવા માટે જે ફરીયાદ નોંધાવેલ છે તેનો સંતોષકારક નિકાલ લાવવામાં આવેલ છે.

૨.૪ જે આપ સાહેબશ્રી ની જાણ તેમજ યોગ્ય કાર્યવાહી સારૂં.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

☞ <u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.

૩.૧ વાદી અરજદાર દશનામી દેવગીરીબાપુ પુરણગીરીબાપુ, ગામ–જોબાળામાં ખોડીયાર માતાજી નો મઢ તેમજ ગૌશાળા માટે ૨૪ કલાક સીંગલ ફેઈઝ વિજ પુરવઠો મળે તે માટે ફોરમને રજૂઆત કરેલ છે.

૩.૨ વાદી અરજદારે ખોડીયાર મંદિર માટે ગામ–જોબાળા માં તા.૧૭/૦૬/૨૦૧૫ માં સીંગલ ફેઈઝ વિજ જોડાણ માટે અરજી નોંધણી કરાવેલ. પ્રતિવાદીએ વાદીને રૂા.૪૮૦૧/– નું અંદાજપત્ર આપેલ. જે વાદીએ તા.૪/૭/૨૦૧૫ ના રોજ ભરપાઈ કરી આપેલ અને તે માટે નો જરૂરી ટેસ્ટ રીપોર્ટ રજૂ કરેલ. પરંતુ, પ્રતિવાદી ની કચેરીમાં જે તે અધિકારી દ્વારા ડોકયુમેન્ટસ ની જાળવણી ન થતી હોઈ, વિજ જોડાણ ચાલુ થયેલ નહી.

૩.૩ પ્રતિવાદીના જણાવ્યા મુજબ વાદીને એલ.એસ.ટી.સી. દ્વારા ૧૧ કે.વી.ખોડીયાર ફીડર માંથી ૨૪ કલાક માટે વિજ પુરવઠો મળી શકે તેમ છે.

૩.૪ ઉપર મુજબના અવલોકનો પરથી તારણ કાઢવામાં આવે છે કે, વાદીએ સીંગલ ફેઈઝ વિજ જોડાણ માટે જરૂરી અંદાજપત્ર અને ટેસ્ટ રીપોર્ટ ભરેલ છે. તે માટે વાદીએ આજરોજ અંદાજપત્ર અને ટેસ્ટ રીપોર્ટ ભર્યાની પહોંચ ની ઝેરોક્ષ ફોરમને રજૂ કરેલ છે. તેમજ પ્રતિવાદીના જણાવ્યા મુજબ એલ.એસ.ટી.સી.દ્વારા ૨૪ કલાક વિજ પુરવઠો આપી શકાય તેમ છે. આથી, હુકમ કરવામાં આવે છે કે, પ્રતિવાદીએ વાદીને માંગેલ વિજ જોડાણ દિવસ–૧૫ માં ચાલુ કરી આપવું.

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

-:: હુકમ ::-

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં." ૩.૪ " મુજબ હુકમ કરવામાં આવે છે.**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

(શ્રીમતી જે.એમ.મેહતા)
સ્વતંત્ર સભ્યશ્રી

(પી.એન.આજકીયા)
ટેકનીકલ સભ્યશ્રી

(એમ. આર.વજરીયા)
અધ્યક્ષશ્રી,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.

તારીખ :– ૨૮/૦૧/૨૦૨૧.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar.